# નિયામક, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય,ગાંધીનગર.

## આદિજાતિ વિસ્તારમાં નવા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો શરૂ કરવા અંગેની જાહેરાતની શરતો.

(૧) જે સ્થળે હાલ છાત્રાલય ના હોય તે સ્થળે જ છાત્રાલયની પસંદગી કરવામાં આવશે.

(૨) છાત્રાલયની પસંદગીમાં પછાત અને ઉંડાણ વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૩) સ્વૈચ્છિક સંસ્થા પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ અથવા સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ નોંધાયેલ હોવી જોઇએ.

(૪) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય શરૂ કરવા માટેનું નિયત અરજીપત્રક જિલ્લા કક્ષાએ સબંધિત જિલ્લાના મદદનીશ કમિશ્નરશ્રી ( આ.વિ.)ની કચેરીમાંથી અને સબંધિત જિલ્લા આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આ.વિ.) ડાંગ-આહવાની કચેરીમાંથી રૂ.૧૦/- (દસ) રોકડા ભરીને મેળવવાનું રહેશે. જે નિયત અરજી પત્રક સંપૂર્ણ વિગતો અને આધાર-પુરાવાઓ સાથે ભરીને તે જ કચેરીને તા. ૧૫/૦૭/૨૦૨૩ સુધીમાં કુલ-૩ (ત્રણ) નકલમાં રજુ કરવાનું રહેશે.

(૫) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો શરૂ કરવા માટેના નિયત અરજી પત્રક સાથે રૂ. ૫૦/- અરજીની પ્રોસેસ ફી જે તે કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૬) અરજી કરનાર સંસ્થાએ આર્થિક સધ્ધરતા અંગેનું રૂ. ૧૫૦૦૦/- ( પંદર હજાર ) થી વધુ બેંક બેલેન્સ ( સિલક) સર્ટીફિકેટ જાહેરાતની તારીખ પછીનું અને અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલાનું રજુ કરવાનું રહેશે.

(૭) દરખાસ્ત માન્ય રાખવામાં આવ્યા પછી નોન રીફંડેબલ ફી રૂ. ૫૦૦/- (પાંચસો) ચલણથી ભરવાની રહેશે.

(૮) અરજી કરનાર સંસ્થાએ છાત્રાલયના માંગણીના સ્થળે પાણી, વિજળી તથા છાત્રાલયને અનુરૂપ સંપૂર્ણ સુવિધાયુકત મકાન ઉપલબ્ધ હોવા અંગેનું બાંહેધરી સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૯) સમય મર્યાદા બહાર આવેલ તેમજ અધુરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૦) જો કોઇ સંસ્થાએ અગાઉ અરજીઓ કરેલ હોય તો પણ તે સંસ્થાએ નિયત નમુનામાં ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.

(૧૧) જાહેરાત અન્વયે મળેલ અરજીઓ કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય દફતરે કરવાનો અધિકાર સરકારશ્રીને રહેશે.

સહી-/
સુપ્રિતસિંઘ ગુલાટી
નિયામક, આદિજાતિ વિકાસ,
ગુજરાત રાજય, ગાંધીનગર